# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

(Estd.by Govt.of Gujarat)
Rajendrabhuvan Road, Veraval, Dist-Gir Somnath-362266,
Ph-02876-244528/244532 Fax-2876-24417
www.sssu.ac.in / Email-sssu.exam@gmail.com


## માર્ગદર્શિકા - ઓનલાઈન એનરોલમેન્ટ (પ્રવેશ નોંધણી) 2022-23

(૧) ઓનલાઈન એનરોલમેન્ટ માટેની લીંક વેબસાઈટ www.sssu.in પર ઉપલબ્ધ છે.

(૨) ઓનલાઈન એનરોલમેન્ટ કરવા માટેની માહિતી દર્શાવતું યુઝર મેન્યુઅલ **(User Manual)** યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેનો માર્ગદર્શન/માહિતી માટે ઉપયોગ કરવાનો રહેશે.

(૩) અભ્યાસક્રમ દીઠ એનરોલમેન્ટ માટે દરેક વિદ્યાર્થીએ તેના મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈડી વિગેરે થી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

(૪) વિદ્યાર્થીએ ડીગ્રી પસંદ કરવાની રહેશે. જેમ કે શાસ્ત્રી / આચાર્ય / પી.જી.ડી.સી.એ. / ડિપ્લોમા / બી.એ.બી.એડ્. / બી.એડ્. વિગેરે (બાહ્ય વિદ્યાર્થીએ External Shastri-21-22 /External Acharya-21-22 પસંદ કરવાનું રહેશે.)

(૫) ડીગ્રી પસંદ કર્યા બાદ લાગુ પડતી કોલેજ/મહાવિદ્યાલય/ડિપ્લોમા સેન્ટર/પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર પસંદ કરવાનું રહેશે. **(કોઈપણ એક)**

(૬) પસંદ કરેલ ડીગ્રી મુજબ વિષયો પસંદ કરવાના રહેશે. **(કોલેજ/મહાવિદ્યાલય/અનુસ્નાતક ભવન/સ્ટડી સેન્ટરમાં ચાલતા વિષયો ધ્યાને લેવાના રહેશે.)**

(૭) વિદ્યાર્થીએ પોતાની વિગતો, છેલ્લી પરીક્ષા પાસ કર્યાની વિગતો તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો અને સહી તથા જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.

(૮) નોંધણી ફી (એનરોલમેન્ટ ફી) ભર્યા પહેલા, ભરેલ વિગતો ચકાસી લેવી. માહિતી (Data) સેવ (Save) કર્યા પછી ફેરફાર કરી શકાશે નહી.

(૯) પેમેન્ટ કર્યા બાદ વિદ્યાર્થીએ ભરેલા ફોર્મની પ્રિન્ટઆઉટ લઈ તેના જરૂરી મૂળ દસ્તાવેજોની ખરાઈ પસંદ કરેલ કોલેજ/મહાવિદ્યાલય/અનુસ્નાતક ભવન/ડિપ્લોમા સેન્ટર/પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર પર ફરજીયાત કરાવવાની રહેશે. **ત્યારબાદ જ પ્રવેશ માન્ય ગણાશે.**

(૧૦) કોલેજો/મહાવિદ્યાલય/અનુસ્નાતક ભવન/ડિપ્લોમા સેન્ટર/પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર પોતાના લોગીનમાં વિદ્યાર્થીએ ભરેલ વિગતો, દસ્તાવેજો જોઈ શકશે. મૂળ દસ્તાવોજ સાથે ખરાઈ કરી, પ્રવેશ પાત્રતા ચકાસી યોગ્ય હોય તો મંજુર (Approve) કરવાનું રહેશે.

(૧૧) કોલેજો/મહાવિદ્યાલય/અનુસ્નાતક ભવન/ડિપ્લોમા સેન્ટર/પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર પોતાના લોગીનમાં વિદ્યાર્થીએ ભરેલા ફોર્મની વિગતો Step-03 Document Verify માં જોઈ શકશે. જ્યાં View કરી જોઈ શકાશે. આપની કોલેજ/મહાવિદ્યાલય/અનુસ્નાતક ભવન/ડિપ્લોમા સેન્ટર/પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટરમાં ચાલતા વિષયો જ વિદ્યાર્થીએ પસંદ કરેલ છે. તેની ખરાઈ કરવાની રહેશે. જો ભરેલા Data માં કોઈ પરીવર્તન/ફેરફાર કરવાનો જરૂરી હોય તો Edit માં જઈ કરી શકાશે. છેલ્લે ખરાઈ કર્યા બાદ મંજુર (Approve) કરવાનું રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ
ગીર
સોમનાથ